# બાળનગરીમાં ૨૫થી વધુ અવનવી રાઈડસનો રોમાંચ

## ગાંધીનગરમાં પ્રથમ વખત જ ચ-૩ના મેદાન ખાતે શરૂ થયેલી બાળનગરીને અભૂતપૂર્વ પ્રતિસાદ : ગૌરીવ્રત-ઈદ સહિતના તહેવારોમાં હરવા ફરવા માટે ઉત્તમ સ્થળ બનતી બાળનગરી

ગાંધીનગર, તા.૬

આગામી દિવસોમાં ગૌરીવ્રત સહિતના તહેવારોનો પ્રારંભ થશે. આ દિવસો દરમિયાન વ્રત-ઉપવાસ કરતી બાળકીઓને હરવા ફરવાનું શ્રેષ્ઠ સ્થળ મળી રહે તે માટે ચ-૩ના મેદાન ખાતે બાળનગરીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૫થી વધુ રોમાંચક રાઈડસનો રોમાંચ બાળકો-વયસ્કો માણી શકે છે.

ગૌરીવ્રતની સાથે જ ટૂંક સમયમાં ઈદનો તહેવાર ઉજવાશે. આ સમયગાળા દરમ્યાન હરવા ફરવા નીકળનારાઓની સંખ્યા ખૂબ મોટી હોય છે. તહેવારોના આ સમયગાળામાં જ સાગુ ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા ચ-૩ જેવા નગરની મધ્યમાં આવેલા સ્થળે બાળનગરીનું આયોજન કરવામાં આવતા બાળકોને મજ્જા પડી ગઈ છે. ગાંધીનગરમાં એમ પણ હરવા ફરવાના સ્થળોની સંખ્યા ખુબ જ ઓછી છે. તેમાંય બાળકોને ગમે એવી રાઈડસની મજા બાળકો માત્ર સેકટર-૨૮ના ગાર્ડનમાં જઈને જ માણી શકે છે. ગૌરીવ્રત-ઈદ જેવા તહેવારો દરમિયાન સેકટર-૨૮ના ગાર્ડન ખાતે ખૂબ જ ભીડ હોય છે ત્યારે બાળનગરી બાળકોને એક નાવિન્ય સ્થળ પુરું પાડી રહી છે.



ડ્રેગન, ટોરાટોરા, ચકડોળ, પાઈરેટ બોટ, સ્ટ્રેકીંગ કાર સહિત નાના મોટા બાળકો તથા મોટેરાઓને પણ આનંદ આપે તેવી ૨૫થી વધુ રાઈડસનો ખજાનો અહીં ઉપલબ્ધ છે. સાંજે ૫ થી ૧૧ દરમિયાન અહી વિવિધ રાઈડસની સાથે ખાણીપીણીની મજા માણી શકાય છે. અમદાવાદના રીવરફ્રન્ટ સહિતના વિવિધ સ્થળોએ આવી જ બાળનગરીનું આયોજન કરનાર સાગુ ઈન્ફ્રાસ્ટ્રકચરના રાજુભાઈ મેનન કહે છે કે રાઈડસ અને ખાણી પાણી ઉપરાંત બાળકોમાં રહેલી ડાન્સીંગ, પેઈન્ટીંગ, સીગીંગ જેવી ટેલેન્ટને બહાર લાવી શકાય તે માટે દરરોજ સાંજે અહીં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. શ્રેષ્ઠ દેખાવ કરનાર બાળકને નાની મોટી ગીફટસ આપી નવાજવામાં આવે છે. આ ઉપરાંત દરરોજ બોલીવુડના કલાકારો સહિતના વિવિધ કલાકારો સ્ટેજ પર પરફોર્મન્સ આપી અહીં આવનારા સૌન મન મોહી રહ્યા છે બાળકોને ગમે તેવા વિવિધ પ્રકારના ટોયઝ અને સ્ટેશનરી પણ અહીં ઉપલબ્ધ છે.

## ઈશ્વર એક વસ્તુ છીનવી લે છે તો બીજી ચાર આપે છે : કમલેશ પટેલ

ડાન્સ ઈન્ડિયા ડાન્સ ફેમ ડાન્સર કમલેશ પટેલ રવિવારની સાંજે ચ-૩ સ્થિત બાળનગરીમાં મહેમાન બન્યા હતા અને સ્ટેજ પર વિવિધ ગીતો પર ડાન્સ કરી ઉપસ્થિત પ્રેક્ષકોને મનોરંજન પુરૂ પાડ્યું હતું. વિકલાંગ હોવા છતાં માત્ર બે હાથોના સહારે અદ્‌ભૂત ડાન્સ સ્ટેપ્સ કરતા કમલેશ પટેલ કહે છે કે વિકલાંગતાને અભિષાપ ન સમજવો જોઈએ. ઈશ્વર એક વસ્તુ લઈ લે છે તો સામે બીજી ચાર વસ્તુ આપે છે તેને ઓળખવી જરૂરી છે.

વડોદરાના રહેવાસી અને ડાન્સ ઈન્ડિયા ડાન્સ કાર્યક્રમમાં આવ્યા બાદ ફેમસ થઈ ગયેલા વિકલાંગ ડાન્સર કમલેશ પટેલનો કાર્યક્રમ નીહાળવા બાળનગરીમાં ભારે ભીડ જામી હતી. અત્યાર સુધી દેશ-વિદેશમાં ૧૬૦૦ થી વધુ કાર્યક્રમો આપી ચુકેલા કમલેશભાઈએ કોલેજકાળમાં ડાન્સિંગ શરૂ કર્યુ હતુ.

વિકલાંગોને પોઝીટીવ મેસેજ જાય તેવા આશયથી અદ્‌ભૂત ડાન્સ કરતાં કમલેશભાઈને સ્ટેજ પર ડાન્સ કરતા જોઈએ ત્યારે અચૂક મોંમા આંગળા નાંખી દેવાય છે. તેઓ કહે છે કે વિકલાંગ હોય તેવો મોટાભાગે જીવનથી નાસીપાસ થઈ જાય છે. અને અન્યોના સહારે જીવન જીવે છે. પરંતુ શારીરિક રીતે અક્ષમ વ્યક્તિઓએ એ સમજી લેવુ જરૂરી છે કે ઈશ્વર એક વસ્તુ લઈ લે છે તો બીજી ચાર વસ્તુ તેના બદલામાં આપી દે છે. તેને ઓળખીને તે ટેલેન્ટને વધુમાં વધુ નીખારી જીવનને સાર્થક કરી શકાય છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું એસટી બસનું સ્ટોપ શોભાના ગાંઠીયા સમાન

## જિલ્લાની મુખ્ય હોસ્પિટલ હોવાથી રોજ દૂર દૂરના ગામડેથી દર્દીઓ, તેમના સગાવહાલાઓ અને અનેક મુલાકાતીઓ આવે છે : એસટી બસોના ડ્રાયવર-કંડકટરોની મનમાનીથી તમામને ભારે હાલાકી ભોગવવી પડે છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જિલ્લાની મુખ્ય હોસ્પિટલ છે. આ હોસ્પિટલ પાસે એસટી બસ થોભવા માટે પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવેલુ છે. પરંતુ હાલ તો તે શોભાના ગાંઠીયા સમાન સાબિત થઈ રહ્યું છે. કારણ કે કોઈ બસ અહીંયા થોભતી નથી.

જિલ્લાની મુખ્ય સરકારી હોસ્પિટલ એટલે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ. જ્યાં રોજના સેંકડો દર્દીઓ અને હજારોની સંખ્યામાં મુલાકાતીઓ આવે છે. દૂર દૂરના ગામડેથી આવતા આ દર્દીઓ તેમના સગા સંબંધીઓ અને મુલાકાતીઓની સવલત માટે મુખ્ય દરવાજા પાસે એસટી બસનું પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું છે. જેથી દૂરથી આવેલા દર્દીઓને વધુ ચાલવુ ના પડે અને તુરંત હોસ્પિટલમાં જઈ સારવાર મેળવી શકે. બિમારીની હાલતમાં તેમને વધુ ચાલવુ ના પડે અને તેમનો સમય પણ બચે. પરંતુ એસટી નિગમના ડ્રાઈવર કંડકટરોને દર્દીઓ અને તેમના સગાવ્હાલાંઓની હાલાકીની કાંઈ



(તસવીર : કશ્યપ નિમાવત)

પડી હોય તેવુ લાગતુ નથી કારણ કે તેઓ અહીં પેસેન્જર હોવા છતાં બસ ઉભી રખાતી નથી.

દર્દીઓ કે સગાંઓને છેક પથિકાશ્રમ ડેપોમાં ઉતરવુ પડે છે અને ત્યાંથી ચાલીને સિવિલ હોસ્પિટલ જવુ પડે છે. આ ઉપરાંત બસ પકડવા માટે પણ પથિકાશ્રમ એસટી ડેપો સુધી ફરજિયાત લાંબા થવું પડે છે. તેમાં ખાસ કરીને દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. સિવિલ હોસ્પિટલને કાયદેસરનું બસસ્ટેન્ડ આપ્યું હોવા છતાં એસટીના ડ્રાયવર-કંડકટરોની મનમાનીના કારણે તે શોભાના ગાંઠીયા સમાન બની રહેવા પામ્યું છે. રાત્રીના સમયે અહીં ગામડે પરત જવા ઉભેલા પેસેન્જરોને બસ ઉભી ન રહેતા ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. નવા મુલાકાતીઓને તો અહીં બસ ઉભી રહેતી નથી તેવી ખબર ના હોય ત્યારે તેઓ અહીં બસની રાહ જોઈ જોઈને કંટાળી જાય અને તેવામાં તેમની બસ પણ 'મીસ' થઈ જાય તેવી પરિસ્થિતિ પેદા થવા પામે છે. સિવિલ હોસ્પિટલ જેવા મહત્વના સ્થળે એસટી બસો નહીં થોભાવવાનું કારણ સમજાતુ નથી. એસટી નિગમના અધિકારીઓએ સત્વરે આ બાબતે પગલાં લઈ અહીંથી પસાર થતી તમામ એસટી બસોને થોભાવવા તાકીદ કરવામાં આવે તે માટે સિવિલ હોસ્પિટલના દર્દીઓ, તેમના સગાવહાલાઓ તેમજ હોસ્પિટલના સ્ટાફ, મુલાકાતીઓ અને નગરજનોમા માંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની બસ સેવાના ધાંધિયા : મુસાફરોને બસ મળતી નથી

## કંડકટરની ઘટ તેમજ ૨૦૦ કલાક ફરજિયાત થયા બાદ ઓવરટાઇમ બંધ થતા એસ.ટી. બસ સેવા પર વિપરિત અસર

ગાંધીનગર તા ૬

એસ ટી નિગમ દ્વારા ડ્રાઈવર કંડકટરો માટે ફરજ પર ૨૦૦ કલાક ફરજિયાત કરી દેવાયા બાદ ગાંધીનગર અમદાવાદ રૂટની બસસેવા પર વિપરિત અસર થવા પામી છે. શહેરી વિસ્તારના બસ સ્ટેન્ડ પર મુસાફરોએ કલાકો સુધી બસની રાહ જોવાનો વારો આવ્યો છે. બીજીતરફ એસ ટી ડેપોમાં કંડકટરોની ઘટના લીધે પણ ઘણીવાર ટ્રીપો રદ કરવી પડતી હોવાનું ધ્યાને આવ્યુ છે. જેના લીધે નગરજનોને સમયસર અમદાવાદ રૂટની બસ મળતી ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

એસ ટી નિગમ દ્વારા ડ્રાઈવર કંડકટરો માટે ૨૦૦ કલાક ફરજિયાત કરવામાં આવતા મુસાફરોને વધુ અસરકારક બસસેવા ઉપલબ્ધ થશે તેવી આશા બંધાઈ હતી. પરંતુ બહારગામના રૂટની બસમાં આ વાત કાંઈક અંશે અસરકારક પુરવાર થઈ છે.જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ ટી ની સલામત સવારી માટે હજુ પણ મુસાફરોએ કલાકો સુધી બસસ્ટેન્ડ પર ઉભા રહેવું પડે છે.

એકબાજુ એસ ટી ડેપોમાં કંડકટરની ઘટ ના લીધે આમ પણ સમસ્યા ઉભી થઈ છે. ત્યારે કંડકટરની ખાલી જગ્યાના અભાવે ઘણીવાર રૂટની બસો શિડયુઅલમાંથી રદ કરવામાં આવે છે. જેના લીધે બસની વાટે ઉભેલા મુસાફરોને સમયે સલામત સવારી મળતી નથી. સુત્રોમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર ગાંધીનગર ડેપોમાં હાલની સ્થિતિએ ૫૦ જેટલા કંડકટરોની ઘટ છે. જયારે ફરજના ૨૦૦ કલાક ફરજિયાત કરી દેવાતા ડ્રાઈવર કંડકટરો ઓવર ટાઈમ કરી શકતા નથી. જે અગાઉ ડબલ શિફટમાં કામ કરતા હતા. પરંતુ હવે આ પ્રમાણે ન થઈ શકતા ઘટના લીધે ડેપો કક્ષાએથી કેટલીક ટ્રીપો રદ કરવી પડે છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે પોઈન્ટની બસ સેવા સહિત કુલ ૧૩૦ જેટલી ટ્રીપો દોડાવવામાં આવે છે. જેમાં સ્ટાફના અભાવે કેટલીક ટ્રીપો રદ થતા બસ સેવા ખોરવાઈ જાય છે.




અધિક માસમાં અધિક પુણ્યનુ ભાથુ મેળવવા ઠેર ઠેર વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. સેક્ટર-૨ ૩ના જ્યોતેશ્વર મહાદેવ મંદિર ખાતે પુરુષોત્તમ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ભાવિકોએ ખુબ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# માલિકની કારમાંથી એટીએમ સહિતના દસ્તાવેજ ચોરનાર ડ્રાઈવર સુરતથી ઝડપાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક કુડાસણ ખાતે માલિકની કારમાંથી એટીએમ સહિત જરૂરી દસ્તાવેજો ચોરી કરનાર કારના ડ્રાઈવરને પોલીસે આજે બાતમીના આધારે સુરત ખાતેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી ડ્રાઈવરની પાસેથી રૂ. ૪૮૪૦નો મુદ્દામાલ કબ્જે કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે પાંચ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક કુડાસણ ખાતે રહેતા સુરેન્દ્રસિંહ ચંપાવતે થોડા સમય અગાઉ ઝાલોદ વિસ્તારમાં રહેતા ગણેશરામ રબારીને પોતાની કારના ડ્રાઈવર તરીકે નોકરીએ રાખ્યો હતો. ડ્રાઈવરે ૨ જૂને સવારના સુમારે કારમાંથી માલિક સુરેન્દ્રસિંહ ચંપાવતનું પાકીટ લઈ તેમાંથી ડ્રાઈવિંગ લાયસન્સ, એ.ટી.એમ. કાર્ડ, આર.સી. બુક ચોરી લીધી હતી. બાદમાં એ.ટી.એમ. કાર્ડમાંથી રૂ. ૧૦-૧૦ હજાર તબક્કાવાર ઉઠાવી લીધા હતા. આ અંગે કારમાલિક સુરેન્દ્રસિંહ ચંપાવતે ઈન્ફોસિટી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે આજે બાતમીના આધારે કારના ડ્રાઈવર ગણેશરામ રબારીને સુરત ખાતેથી ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી રૂ. ૪૮૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપીને સુરતથી લાવી ગાંધીનગર કોર્ટમાં રજુ કર્યો હતો. જ્યાં કોર્ટે પાંચ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા હતા. આ અંગેની વધુ તપાસ ઈન્ફોસિટી પોલીસ મથકના પી.એસ.આઈ. કે.ડી. પ્રજાપતિ ચલાવી રહ્યા છે.



## અમદાવાદ-ગાંધીનગર ટેક્ષી સેવા

ભારતની અગ્રગણ્ય કાર મેકર મારૂતી સુઝુકી દ્વારા ગુજરાત સરકારના સહયોગથી અમદાવાદ-ગાંધીનગર સીટી ટેક્ષીનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના વાહન વ્યવહાર, પાણી પુરવઠો, શ્રમ અને રોજગારના મંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આજે ૨૧ વાહનોની પ્રથમ બેચને મકરબા, અમદાવાદ ખાતેથી લીલી ઝંડી આપવામાં આવી હતી. સૌ પ્રથમવાર શરૂ કરાયેલી આ પ્રકારની ટેક્ષી સેવા અમદાવાદ અને ગાંધીનગરના લોકોને સલામત અને સુવિધાયુક્ત પરિવહન સવલત પુરી પાડશે. આ પ્રસંગે બંદર અને વાહન વ્યવહારના અગ્ર સચિવ રાજ ગોપાલજી, કમલ દયાણી, વાહન વ્યવહાર કમિશનર તથા પંકજ પ્રભાકર, પ્રાદેશિક વ્યવસ્થાપક, મારૂતિ સુઝુકી પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના પ્રાદેશિક વ્યવસ્થાપક પંકજ પ્રભાકરે આ પ્રસંગે બોલતા જણાવ્યું હતું કે અમે અમદાવાદ ખાતેથી આવી પ્રથમ વારની ટેક્ષી સેવા રાજ્ય વહીવટી તંત્રના સહયોગથી પ્રારંભ કરતા ખુબ જ આનંદ અનુભવીએ છીએ. પ્રવાસીઓને સુવિધા, સલામતી તથા સુરક્ષા મળે તે હેતુથી આ વાહનો પ્રિન્ટર સહિત જીપીએસ, સીએનજી કીટ, લગેજ કેરીયર, સિટી ટેક્ષી બ્રાન્ડીંગ, પેનીક બટન ફીટ કરીને આવી સેવા માટે ખાસ ડિઝાઈન કરવામાં આવ્યા છે.

# સે-૧૫ ફતેપુરાની યુવતીનું દાઝી જતા સારવાર દરમિયાન મોત

શહેરના સે-૧૫ ફતેપુરા ખાતે ગત રોજ રસોઈ બનાવતા પ્રાઈમસ ફાટતા યુવતી શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી જેનું મોડી રાત્રે સારવાર દરમિયાન અમદાવાદ સિવિલમાં કરૂણ મોત નિપજયું હતું. આ સંદર્ભે સે-૭ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના સેકટર-૧૫માં ફતેપુરા વિસ્તાર આવેલો છે જયાં જયોત્સનાબેન રાજસિંગ ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. ગત રોજ જયોત્સના બેન પોતાના ઘરમાં પ્રાઈમસ પર સાંજે રસોઈ બનાવી રહી હતી ત્યારે અચાનક જ પ્રાઈમસમાં ખામી સર્જાતા પ્રાઈમસ ફાટયો હતો. આથી યુવતી શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી. પરિણામેતાત્કાલિકસારવાર માટેગાંધીનગર સિવિલ બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંખસેડવામાંઆવી હતી. જયાં મોડી રાત્રેયુવતીનુંસારવાર દરમિયાન મોત નિપજયુંહતું. આ સંદર્ભેસેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીના અસરગ્રસ્તોની મદદે ગાંધીનગર સહયોગ મંડળ આવ્યુ

## અમરેલી જિલ્લાના ગામડાઓમાં જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ વિતરણ કરી જનજીવન ધબકતુ કરવા સહાય અપાઈ

ગાંધીનગર, તા. ૬

રાજ્યના અમરેલી જિલ્લામાં મૂશળધાર વરસાદથી તારાજી સર્જાઈ છે. જિલ્લાના રહિશોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ત્યારે ગાંધીનગર સહયોગ મંડળ દ્વારા અમરેલી જિલ્લાની તારાજીનો તાગ મેળવી સહાય આપવામાં આવી હતી.

ગાંધીનગર સહયોગ મંડળ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે. રાજ્યમાં હોનારત સમયે મંડળ ખભે ખભો મિલાવી અસરગ્રસ્તો સાથે ઉભુ રહે છે ત્યારે અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત બાબાપુર, ચારણ, પીપણી, પાણીયા, કેરાલા, નાની કુકાવાવ, માલવણ, ખારી ગામોમાં રસોડામાં ઉપયોગી ચીજવસ્તુઓનું વિતરણ કર્યું છે.

મંડળના દશરથભાઈ પરમાર, ભગુભાઈ પટેલ, રસિકભાઈ પટેલ, જુસીકાના દિનેશભાઈ દવે, ઉલ્લાસભાઈ, બકુલભાઈએ ખાદ્ય સામગ્રીનું વિતરણ કર્યું હતું. ઘઉનો લોટ, મગ-દાળ, ગોળ, તેલ, ચોખા, સાબુ, કોલગેટ, પ્લાસ્ટીક ડોલ, ધાબળા સહિતનું વિતરણ કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૦૦**
**સૂર્યાસ્ત : ૭.૩૨**

## તાપમાન

**મહત્તમ : ૩૬.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૭૪ ટકા ● સાંજે ૪૭ ટકા**

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**
ગુડ્ડુ રંગીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૨.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (અંગ્રેજી) (૩ડી) : ૧૨.૦૦, ૫.૦૦

**સ્ક્રીન-૪ :**
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
સેકન્ડ હેન્ડ હસબન્ડ : ૨.૪૫, ૧૦.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૪.૪૫ ● પપાનસમ (તમીલ) : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ગુડ્ડુ રંગીલા : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનુંસમાધાન મળી શકેછે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. સુમનભાઈ નારણભાઈ પટેલ (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૮૧૫, પીળો પટ્ટો, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. મંગુબેન ભોલાજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. બબીબેન શિવાભાઈ વાઘેલા (ઉ.વ.૯૭) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. જયોત્સનાબેન પોપટજી ઠાકોર (ઉ.વ.૨૨) મુ. વડવાસા, તા. દહેગામ, જી. ગાંધીનગર